"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

---

રેફ : એ.જી.ટી.ટી.એ/૨૦૨૨-૨૩/૨૫ તા.૧૯-૦૫-૨૦૨૨

**મેમ્બરશીપ ડાયરી ૨૦૨૨નો પરિપત્ર**

પ્રતિ,
**સર્વ સભાસદ ભાઈઓ**

**વિષય :- સંસ્થાની મેમ્બરશીપ ડાયરી ૨૦૨૨માં જાહેરાત આપવા બાબત**

સુજ્ઞ સભ્યશ્રી,

આથી સવિનય જણાવવાનું કે આપણી સંસ્થાએ સને ૨૦૧૨ની સાલમાં મેમ્બરશીપ ડાયરી અંગ્રેજીમાં પ્રકાશિત કરેલ. ત્યારબાદ ઘણા એસોસીએશન/પેઢી/વ્યકિતગત આજીવન સભ્યોમાં વધારો થયેલ છે. ઉપરાંત એસોસીએશનના હોદ્દેદારો તથા કમીટીના સભ્યોમાં પણ બદલાવ થયેલ હોઈ મેમ્બરશીપ ડાયરી ૨૦૨૨ પ્રસિધ્ધ કરવી આવશ્યક છે તેમજ આપણી સંસ્થાની મેમ્બરશીપ ડાયરી મેળવવા માટે અલગ-અલગ વ્યાપારિક વ્યકિતઓ દ્વારા ઓફિસ કાર્યાલયમાં અવાર-નવાર તપાસ કરવામાં આવે છે, જેથી કરીને મેમ્બરશીપ ડાયરી ૨૦૨૨ ટ્રાન્સપોર્ટરોને ખાસ ઉપયોગી થાય એ હેતુથી મેમ્બરશીપ ડાયરી ૨૦૨૨ પ્રકાશિત કરવા સંસ્થાની તા.૦૫-૦૫-૨૦૨૨ને ગુરૂવારના રોજ યોજાયેલ કારોબારી સમિતિની બેઠકમાં સર્વાનુમતે નિર્ણય લેવાયેલ છે.

**સંસ્થાની કારોબારી સમિતિની મીટીંગમાં માન.શ્રી જીતુભાઈ એચ. સંઘવી-ઉપપ્રમુખશ્રી (સ્થાનિક ઝોન) મો. : ૯૮૨૪૦૭૭૯૯ને મેમ્બરશીપ ડાયરી ૨૦૨૨માટે "કન્વિનર" તરીકે સર્વાનુમતે નિયુકત કરવામાં આવેલ છે. જે આપને વિદીત થાય.**

મેમ્બરશીપ ડાયરી ૨૦૨૨માં એસોસીએશન, પેઢી, વ્યકિતગત સભ્યોના નામ, સરનામા, ટેલીફોન/મોબાઈલ નંબર તથા ઈ-મેલ એડ્રેસ વગેરેનો સમાવેશ કરવામાં આવશે. જેથી **આપના એસોસીએશન/પેઢી/વ્યકિતગત સભ્યોના નામ, સરનામું, ફોન-મોબાઈલ નંબર, ઈમેલ આઈડી તથા એસોસીએશનના હોદ્દેદારોમાં થયેલ કોઈપણ ફેરફાર હોય તો સંસ્થાના કાર્યાલયમાં તુરત જ લેખિતમાં અથવા ઈમેલથી જાણ કરવા વિનંતી. અન્યથા સંસ્થાના રેકર્ડમાં જે માહિતી હશે તેમાં કોઈપણ જાતનો સુધારો નથી તેમ સમજી ડાયરીમાં આવરી લેવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો.** જે અંગેની માહિતી સંસ્થાના કાર્યાલયમંત્રી શ્રી અશોકભાઈ વ્યાસ મો. : ૯૮૨૪૩૫૪૬૬૫ પાસેથી મેળવી લેવાની રહેશે.

આ ડાયરી અનેક રીતે ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં ઉપયોગી થાય તેવી માહિતી સાથે એક અગત્યની પુસ્તિકા બની રહેશે. જેથી દરેક સભ્યશ્રીઓએ પોતાની જાહેરાત આપી સંસ્થાને સાથ-સહકાર આપવા વિનંતી. આ અંગેનું જાહેરાતનું ફોર્મ આ સાથે સામેલ રાખેલ છે. જે ફોર્મ ભરીને તેની સાથે "અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન"ના નામનો ચેક સંસ્થાના કાર્યાલયમાં તા.૩૧-૦૫-૨૦૨૨ સુધીમાં મોકલી આપવા અનુરોધ છે.

વિશેષમાં ખાસ જણાવવાનું કે આપના વિસ્તારમાં ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલા જેવા કે કાર ડિલર્સ, ઓઈલ વેપારી, સ્પેરપાર્ટસ, ટાયર ટયુબ, પેટ્રોલીયમ ડિલર્સ, હોટલ ઉધોગ, ટ્રાવેલ એજન્સી, મોટી ફેકટરીઓના માલીકોને તેમના ધંધાની જાહેરાત આપવા માટે જરૂરી ભલામણ કરશો.

આપના સહકારની અપેક્ષા સહ,

આપના વિશ્વાસુ,

**વાસણભાઈ જી. આહીર**
(પ્રમુખ,
ધારાસભ્ય-અંજાર)

**મુકેશભાઈ સી. દવે**
(કાર્યકારી પ્રમુખ)

**હસુભાઈ એન. ભગદેવ**
(માનદમંત્રી)

**જીતુભાઈ એચ. સંઘવી**
(ઉપપ્રમુખશ્રી (સ્થાનિક ઝોન)
મેમ્બરશીપ ડાયરીના
કન્વીનર)

સામેલ : ઉપર જણાવ્યા મુજબ